This Question Paper consists of 31 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 31 પ્રશ્નો અને 8 છપાયેલા પૃષ્ઠો છે.

Roll No. / રોલ નંબર | | | | | | | | | | | | |

Code No. / કોડ નં. **63/S/A/G**

Set / સેટ **A**

# GUJARATI
# ગુજરાતી
# (207)

Day and Date of Examination (પરીક્ષાનો વાર અને તારીખ) .......................................

Signature of Invigilators (નિરીક્ષકોની સહી)
1. .......................................
2. .......................................

**સામાન્ય નિર્દેશ :**

1. વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.
2. પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.
3. બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા. ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.
4. બહુવિકલ્પીય પ્રશ્નોની સાથે બધા પ્રશ્નોના ઉત્તર નિર્ધારિત કરેલા સમયમાં આપવા. બહુવિકલ્પીય પ્રશ્નો માટે અલગથી સમય નહીં આપવામાં આવે.
5. ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈપણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.
6. પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા 63/S/A/G સેટ A લખવી.



Unnati Educations
9899436384, 9654279279

# GUJARATI

## ગુજરાતી

## (207)

સમય : 3 કલાક ] [ કુલ ગુણ : 100

**સૂચના :** *(i)* બધા પ્રશ્નો **અનિવાર્ય** છે અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.

*(ii)* બહુવિકલ્પીય પ્રશ્નો માટે એક-એક ગુણ નિર્ધારિત છે.

*(iii)* બહુવિકલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એક સાથે કરવાના છે.

**1.** દહી વેચવા નીકળેલી ગોપી શું બોલે છે? 1

(A) દહી લ્યો (B) માધવ લ્યો

(C) માખણ લ્યો (D) ઘી લ્યો

**2.** પુષ્પની પાંદડી પર બેસીને કોણ હસે છે? 1

(A) કાગડો (B) પીળક

(C) પોપટ (D) ઈશ્વર

**3.** 'જસોદા તારા કાનુડાને' કાવ્ય ક્યા પ્રકારનું છે? 1

(A) પદ (B) સોનેટ

(C) ગીત (D) પ્રકૃતિવર્ણન

**4.** ગુજરાતની ધરતી કોના કારણે ધન્ય છે? 1

(A) બુદ્ધ (B) કૃષ્ણ

(C) ઈસુ (D) ગાંધી

**5.** અખાડામાં જઈ નાયકને શું કરવું હતું? 1

(A) યોગાસન (B) રમત

(C) દંડબેઠક (D) કુસ્તી



Unnati Educations
9899436384, 9654279279

**6.** ઉત્તરતરફની દિશા એટલે શું? 1

(A) પ્રગતિની દિશા
(B) અધોગતિની દિશા
(C) સત્યની દિશા
(D) અવનતિની દિશા

**7.** નાયકને એક દિવસ શાનું નિમંત્રણ મળ્યું? 1

(A) લગ્નમાં જવાનું
(B) ફરવા જવાનું
(C) ખરીદી કરવાનું
(D) લાડુ જમવાનું

**8.** સૂર્ય ઉત્તર તરફ ગતિ કરે તેને શું કહેવાય છે? 1

(A) રામાયણ
(B) ચંદ્રાયણ
(C) પારાયણ
(D) ઉત્તરાયણ

**9.** લેખકની યાત્રાનું પહેલું ધામ ક્યું હતું? 1

(A) મથુરા
(B) વૃંદાવન
(C) પ્રયાગરાજ
(D) કાશી

**10.** રાત્રિ પૂરી થઈ તેવો સંકેત કરતું ગાન કોણ ગાય છે? 1

(A) કોયલ
(B) પીળક
(C) મોર
(D) ચાતક

**11.** વિરોધી શબ્દોની સાચી જોડણી ન હોય તે ________ 1

(A) ઉપર × નીચે
(B) અવની × અંબર
(C) સવાલ × જવાબ
(D) પુષ્પ × સુમન

**12.** ચંબેલી ને કોની વેણીમાંથી સુવાસ મળે છે? 1

(A) લક્ષ્મીની
(B) સરસ્વતીની
(C) પાર્વતીની
(D) સીતાની

**13.** કૃષ્ણ વૃંદાવનમાં શું કરે છે? 1

(A) ગાયો ચરાવે છે
(B) દૂધ વેચે છે
(C) મિત્રો સાથે રમે છે
(D) ગોપીઓ સાથે રાસ કરે છે


Unnati Educations
9899436384, 9654279279

**14.** કસરત કરવાથી શો ફાયદો થાય છે? 1

(A) શરીર નબળું બને

(B) શરીર બગડી જાય

(C) શરીર જાડુ થઈ જાય

(D) શરીર સુધરી જાય

**15.** સાચી જોડણી શોધો : 1

(A) પ્રસંશા

(B) પ્રશંશા

(C) પ્રશંસા

(D) પ્રસંષા

**16.** કુંભ મેળો ક્યા માસમાં ભરાય છે? 1

(A) માઘ

(B) ફાલ્ગુન

(C) ચૈત્ર

(D) વૈશાખ

**17.** ટાઢ અને તંદ્રા પછી શું આવે છે? 1

(A) તડકો અને ચેતના

(B) સ્ફૂર્તિ અને ચેતના

(C) ઉન્નતિ અને આબાદી

(D) અધોગતિ અને બરબાદી

**18.** 'ખો ભૂલી જવી' રૂઢિપ્રયોગ નો અર્થ છે : 1

(A) ખો-ખો રમવું ભૂલી જવું

(B) ભૂલથી ખો રમવું

(C) ખોવાઈ જવું

(D) પાઠ મળવો

**19.** 'જૂનું પિયરઘર' કાવ્યના કવિનું નામ છે : 1

(A) નરસિંહ મહેતા

(B) સુન્દરમ્

(C) નિરંજન ભગત

(D) બળવંતરાય ઠાકોર

**20.** 'નીતરેલાં નીર જેવી તું'મા નો અલંકાર ઓળખો : 1

(A) ઉપમા

(B) ઉત્પ્રેક્ષા

(C) વિરોધાભાસ

(D) રૂપક



**Unnati Educations**
**9899436384, 9654279279**

**21.** (ક) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણના** જવાબ લખો : 6

*(i)* પાર્ષદ 'કર્મયોગીના આદર્શ' એવો કટાક્ષ શા માટે કરે છે?

*(ii)* ક્રિકેટમાં ડાબેરી હોવાનું ફાયદાકારક શા માટે ગણાય છે?

*(iii)* 'એક પ્રશ્ન' વાર્તામાં નાયકના ઘરે કયો પ્રસંગ બન્યો હતો?

*(iv)* પ્રિંસિપલે નાયિકાને ઑફિસમાં શા માટે બોલાવી?

*(v)* 'ચાલો અખાડામાં' નાયકને આ વાક્ય સાંભળી શા માટે આશ્ચર્ય થયું?

(ખ) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણ** સવાલોના જવાબ એક વાક્યમાં લખો : 3

*(i)* ચિત્ત થવું એટલે શું?

*(ii)* વીશીમાં જમવા આવનારાએ ઠપકો આપવાથી શંકરલાલે પોતાના બચાવમાં શું કહ્યું?

*(iii)* ફ્રેન્ચ સાહેબ પ્રાયશ્ચિત શા માટે કરવા માગતા હતાં?

*(iv)* 'મારી મા' પાઠની નાયિકાની માતા ક્યા-ક્યા કામ કરતી હતી?

*(v)* નંદનંદન શેઠ અનાથાશ્રમને શા માટે દાન આપવા માગતા હતાં?

**22.** (ક) નીચેના સવાલોમાંથી ગમે તે **ત્રણ** સવાલોના જવાબ એક વાક્યમાં લખો : 6

*(i)* અસરકારક અને વેધક રીતે રજુઆત માટે કવિ શું ઉપયોગમાં લે છે?

*(ii)* પતંગિયું અને ચંબેલી કાવ્યનો ભાવાર્થ લખો.

*(iii)* 'અવસાન-સંદેશ' કાવ્યના કવિ નર્મદનું ઉપસતું વ્યક્તિત્વ લખો.

*(iv)* મુક્તકની શૈલીમાં ક્યા-ક્યા તત્ત્વો મહત્ત્વના છે? તેની વિશેષતા કઈ છે?

*(v)* ફકીરના સ્વભાવનું વર્ણન કરો.

(ખ) નીચેના સવાલોમાંથી ગમે તે **ત્રણ** સવાલોના જવાબ એક વાક્યમાં લખો : 3

*(i)* દહી વેચવા નિકળેલી ગોપી શું બોલે છે?

*(ii)* કથા સાંભળવા છતાં ક્યો હેતુ સિદ્ધ થતો નથી?

*(iii)* 'આસો પાલવ' શેનું પ્રતીક છે?

*(iv)* ફકીર કેવો હોય છે?

*(v)* સંઘરાખોરી અને શોષણના કવિ ક્યા-ક્યા દૃષ્ટાંતો આપે છે?



Unnati Educations
9899436384, 9654279279

**23.** (ક) નીચેના વિધાનો **કોણ-કોને** કહે છે? (ગમે તે **ત્રણ** લખો) : 3

*(i)* ''જો તમે ગાંધીને શોધી કાઢો તો તેને તમારે હવાલે કરું.''

*(ii)* ''વ્યંગ અને કટાક્ષ બન્ને સમજાય એવી ચીજો છે, પણ એને હું પાપ માનતો નથી.''

*(iii)* ''મા, તું ચાલીને આવી? તું કઈ રીતે અહીં સુધી પહોંચી?''

*(iv)* ''છોકરા તારું નામ શું છે?''

*(v)* ''આ લાડુ તો તું ઉઠાવી જ જા ભાઈ!''

(ખ) ગમે તે **બે** ભાવપંક્તિઓનું ભાવ-સૌંદર્ય સ્પષ્ટ કરો : 6

*(i)* ''આસોપાલવ કપાયા ક્યાં
તોરણ અહીં બંધાય.''

*(ii)* ''હૈયે વડવાનલ જલે તોય સાગર ગાય,
હસી જાણે જગ ઝેર પી સંતન તે કહેવાય.''

*(iii)* ''શાને કાજે, મળીને આવી ટોળી વળી દરબાર રે,
નરસૈંયાનો સ્વામી સાચો, જૂઠી વૃજની નાર રે''

**24.** ગમે તે **બે**ના મુદ્દાસર ઉત્તર લખો : 6

(ક) સોયનું નાકું શીર્ષકની સાર્થકતા બતાવો.

(ખ) 'કસોટી' પાઠમાં ઉપસતિ ગાંધીજીની ખાસિયતો.

(ગ) દેવશંકરની લાડુ લોલુપતા.

**25.** ગમે તે **એક** વિશે આશરે 200 શબ્દોમાં નિબંધ લખો : 10

(ક) શહેરી જીવનની સમસ્યાઓ

(ખ) મને શું થવું ગમે

(ગ) કરોના વાયરસ : એક મહામારી

(ઘ) સ્વચ્છતા

(ङ) આપણાં વડા પ્રધાન : શ્રી નરેન્દ્ર મોદી



**Unnati Educations**
**9899436384, 9654279279**

**26.** 'જાહેરમાં વર્તાવ' આ વિષય પર તમે આપેલા વક્તવ્યની તમારા મિત્રને પત્ર લખી માહિતી આપો. 8

**અથવા**

તમારી શાળા પાસે ફેરિયાઓ ઉઘાડી અને વાસી ખાદ્યચીજો વેચે છે. તે બંધ કરાવવા જરૂરી પગલાં લેવાની વિનંતી કરતો પત્ર યોગ્ય અધિકારીને લખો.

**27.** ગમે તે **એક**નો વિચાર-વિસ્તાર કરો : 6

(ક) મરતાં મરતાં સંતો એક બીજાઓને સુખી કરે,
બળતો બળતો ધૂપ સુવાસિત બધું કરે.

(ખ) મૂર્ખ મિત્ર કરતાં ડાહ્યો દુશ્મન સારો.

**અથવા**

ગમે તે **એક** વિષે પરિચ્છેદ લખો : 6

(ક) સાચું સુખ

(ખ) નવરાત્રિ

**28.** નીચે આપેલા ગદ્યખંડને ધ્યાનપૂર્વક વાંચી આપેલા સવાલોના જવાબ લખો : 5

ફકરો :

સાધુ જ્યારે ગામડામાં વિચરે ત્યારે ગ્રામદેવતાના મંદિરમાં અગર કોઈ ઝાડ તળે પોતાની ધૂણી નાખે. ત્યાં તેની પાસેથી ગામનાં છોકરાઓને વાર્ત્તાઓ દ્વારા લોકજીવનનું અને ભૂગોળનું જ્ઞાન મળે, વેપારીઓને વેપારની માહિતી મળે, શૂરવીરોને પોતાની બહાદુરીની કદર ક્યાં થઈ શકે તેમ છે તે જાણવાનું મળે, ગામની ડોશીઓના વૈદકના જ્ઞાનમાં ઉમેરો થાય, દુનિયાના રોગ મટે, અને ઘણી વાર ગામના જૂના મંદિર કે ધર્મશાળાનો જીર્ણોદ્ધાર પણ થાય. પતંગિયું જેમ એક ફૂલ ઉપરથી બીજા ફૂલ ઉપર બેસી ઝાડને સુફલિત કરે છે, તેમ સાધુઓ એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં વિચરીને સંસ્કૃતિની આપ-લે કરનારા વણજારા બને છે અને દેશદેશ સંસ્કૃતિની પીઠો ઉઘાડે છે. સમાજના ઉચ્ચ અને સંસ્કારી વર્ગના લોકો ગૃહલોલુપ થયા, સંયમનો સ્વાદ તેમનામાંથી લોપ પામ્યો, અને તેથી સાધુ વર્ગમાંથી પણ સારા લોકો ઓછા થયા. સમાજ આળસુ, વિષયાસક્ત અને લાલચુ બન્યો, સાધુની કદર કર્યા વગર, ધર્મનું પુણ્ય ખીસામાં પડે એટલાજ હેતુથી, સાધુઓનું પાલન થવા લાગ્યું તેથી તે વર્ગ પણ સમજના જેટલોજ નીચે પડ્યો.

પ્રશ્નો :

(ક) સાધુઓ પોતાનું નિવાસસ્થાન ક્યાં રાખતા?

(ખ) સાધુઓ છોકરાંઓને શેનું જ્ઞાન આપતા?

(ગ) સાધુઓ શૂરવીરોને શેની જાણકારી આપતા?

(ઘ) સાધુઓને કોની સાથે સરખાવવામાં આવ્યા છે?

(ઙ) સાધુવર્ગમાંથી સારા લોકો કેમ ઓછા થયા?


Unnati Educations
9899436384, 9654279279

**29.** એક સોસાયટીના A, B, C અને D બ્લૉકમાં અનુક્રમે ગુજરાતી, મરાઠી, સીંધી અને પંજાબી ભાષાઓના પરિવારો રહે છે. દરેક બ્લૉકમાં અનુક્રમે :

બ્લૉક A–માં 5, 5, 2, 1
બ્લૉક B–માં 4, 5, 1, 2
બ્લૉક C–માં 3, 3, 0, 1
બ્લૉક D–માં 2, 2, 1, 0

પરિવારો ચારેય ભાષાઓના છે. આ માહિતીને સારણીમાં ગોઠવો. 3

**30.** સૂચના મુજબ લખો :

(ક) વિરુદ્ધાર્થી લખો : (ગમે તે **બે**) 2

નાથ, ઉગ્ર, આશ્રિત, ઉપકાર

(ખ) સમાનાર્થી લખો : (ગમે તે **બે**) 2

બ્રાહ્મણ, વાયુ, બગીચો, ઉપહાર

(ગ) સંધિ કરો : (ગમે તે **બે**) 2

પૂર્ણ + આહુતિ, સર્વ + અંગ, મંત્ર + ઉચ્ચાર, સુ + આગત

(ઘ) રૂઢિપ્રયોગોના અર્થ લખો : (ગમે તે **બે**) 2

તલવારની ધાર પર ચાલવું, હળવા ફૂલ થઈ જવું, રફુચક્કર થવું, આંખો પહોળી થઈ જવી

(ઙ) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : (ગમે તે **બે**) 2

જે સૌને સમાન રીતે જુએ છે તે _____

હાથી ને હાંકનાર _____

લાંબા સમય ટકી રહે તેવું _____

જેમાં પાન ખરે છે એ ઋતુ _____

**31.** નીચે આપેલી રૂપરેખાને આધારે વાર્તાનું લેખન કરી તેને યોગ્ય શીર્ષક આપો : 5

એક તળાવ _____ તળાવ કિનારે એક વૃક્ષ _____ વૃક્ષ ઉપર કબૂતરનું રહેવું _____ વૃક્ષના થડમાં કીડીઓનું દર _____ એક કીડીનું તળાવમાં તણાવું _____ કબૂતરની તેની પર નજર પડવી _____ કબૂતર દ્વારા વૃક્ષનું એક પાંદડું તોડીને પાણીમાં નાખવું _____ કીડીનું પાંદડા પર ચડી જવું _____ કીડીનું બચી જવું _____ એક શિકારી _____ કબૂતરનો શિકાર કરવા નિશાન લગાવું _____ કીડીની શિકારી પર નજર પડવી _____ શિકારીના પગે ચટકો ભરવો _____ શિકારીનું નિશાન ચૂકી જવું _____ કબૂતરનું ઊડી જવું _____બોધ.

★ ★ ★



Unnati Educations
9899436384, 9654279279